# આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા આણંદ ખાતે ધોરણ૧૦ અને ૧૨ પછી શિક્ષણ અને કારકિર્દી અંગે જાગૃતી કાર્યક્રમનું આયોજન

આણંદ જિલ્લામાં આણંદ કૃષિ યુનિવર્સિટીના ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી એન્ડ બાયો એનર્જી મહાવિદ્યાલય ખાતે તારીખ ૩૦ એપ્રિલ, ૨૦૨૫ બુધવારના રોજ ધોરણ ૧૦ અને ૧૨ પછી આણંદ કૃષિ યુનિવર્સિટી તેમજ રાજ્યની અન્ય કૃષિ યુનિવર્સિટીઓ ખાતે ચાલતા કૃષિ સંબંધિત વિવિધ અભ્યાસક્રમો તેમજ કારકિર્દીની તકો અંગેનો વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન પોલિટેકનિક ફુડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમિક્સના કર્મચારીઓ દ્વારા તેમજ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી , આણંદના સહયોગથી કરવામાં આવેલ.

કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના તજજ્ઞો દ્વારા કૃષિક્ષેત્રે ઉપલબ્ધ તકનીકી તેમજ અન્ય અભ્યાસક્રમો અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સદરહું કાર્યક્રમમાં પોલિટેકનિક ફૂડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમિક્સના આચાર્ય દ્વારા સદર અભ્યાસક્રમોમાં પ્રવેશ , અભ્યાસ પદ્ધતિ , ઉપલબ્ધ સવલતો તેમજ અભ્યાસ બાદ રોજગારીની વિવિધ તકો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની સ્નાતક તથા ડિપ્લોમા કક્ષાએ ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની વીડિયોક્લીપનું પ્રદર્શન અને અભ્યાસક્રમોની માહિતી આપતું સાહિત્ય પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ કૃષિ ક્ષેત્રે શિક્ષણ અને રોજગારીની સંભાવનાઓ વિશે જાગૃતિ લાવવાનો હતો. જેમાં આણંદ જિલ્લાની વિવિધ શાખાઓમાં ૨૨૧ જેટલા શિક્ષકો, આચાર્યો, વિદ્યાર્થીઓ અને વાલીયો ઉપસ્થિત રહ્યા હતા.







